# અનુસૂચિત જાતિ પેટા યોજના – માંગણી નં.૯૫

**માન.અધ્યક્ષશ્રી,**

➢ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં મંત્રીશ્રી અનુસૂચિત જાતિ પેટા યોજનાની માંગણી નં.૯૫ લઇને આવ્યા છે. તેના ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજુ કરૂ છું.

**માન.અધ્યક્ષશ્રી,**

➢ અનુસૂચિત જાતિ પેટા યોજના માટે જરૂરી નાણાંની રાજ્ય સરકાર દ્વારા ફાળવણી કરી તેના ઉપયોગ માટે યોગ્ય આયોજન કરવાનો,

➢ અનુસૂચિત જાતિ પેટા યોજના સંબંધે નીતિ વિષયક બાબતો પર રાજ્ય સરકારને સલાહ આપવાનો છે.

**માન.અધ્યક્ષશ્રી,**

➢ આ તબક્કે હું આ સન્માનીય સભાગૃહનું ધ્યાન દોરવા માંગુ છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર અનુસૂચિત જાતિનાં કલ્યાણ, સંરક્ષણ અને તેઓના હિતોનું રક્ષણ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

➢ રાજ્ય સરકારે અનુસૂચિત જાતિનાં લોકોના ઉત્થાન માટે ભારતના બંધારણની જોગવાઈઓને ધ્યાને લઈને અનેકવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે જ. અને આવી યોજનાઓનો વ્યાપ વર્ષો–વર્ષ વધારી તેનું યોગ્ય અમલીકરણ થાય તે દિશામાં રાજ્ય સરકારે નક્કર પગલા લીધા છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલ કરવામાં આવેલ યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિઓના લોકોની જરૂરીયાતો અને સમસ્યાઓના નિવારણ અંગે કાર્ય કરવા માટે અનુસૂચિત જાતિઓના આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને વિસ્તારની પ્રગતિ થાય તે હેતુસર સરકારશ્રીના જુદા જુદા વિભાગોની વિવિધ યોજનાઓમાં અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત નાણાં ફાળવી લાભ આપવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- ચોક્કસ પ્રકારની સેવા અને વિસ્તાર વિકાસલક્ષી કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વિભાગોમાં માત્ર જાતિ આધારીત નહી પરંતુ વિસ્તારના વિકાસ આધારીત યોજનાઓ બનાવવામાં આવે છે અને તેનો અમલ પણ થાય છે. ત્યારે અનુસૂચિત જાતિના લોકોને આવા વિકાસના લાભોથી વંચિત રહેવા માટે કોઈ કારણ નથી.

**માન.અધ્યક્ષશ્રી,**

- આંતર માળખાકિય સુવિધાઓ કે જે અવિભાજિત હોય છે. એટલે કે રાજ્યની સર્વે પ્રજાને તેનો લાભ મળતો હોય છે. તેવા વિભાગોમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળની જોગવાઈઓ પણ રાખવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**અનુસૂચિત જાતિ પેટા યોજના અને આદિજાતી પેટા યોજનાની અમલવારી, ખર્ચની સમીક્ષા અને નિયત્રંણની વાત કરૂ તો....**

➤ અનુસૂચિત જાતિ પેટા યોજના માટે નાણાંકીય જોગવાઈનો જે તે યોજના પાછળ ખર્ચ થાય તે માટે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરાયેલ છે. રાજ્યકક્ષાએ માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાનાં અધ્યક્ષપદે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તમામ વિભાગના સચિવશ્રીઓની સમીક્ષા બેઠક રાખવામાં આવે છે. તેમજ જીલ્લા કક્ષાએ જીલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે સમીક્ષા બેઠક યોજવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

➤ અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓમાં શિક્ષણનું સાર્વત્રિકરણ અને શિક્ષણના માધ્યમથી અનુસૂચિત જાતિના લોકોનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ થાય તે માટે વિવિધ શિષ્યવૃતિઓ, ટ્યુશન ફી, છાત્રાલયની સગવડ, ભોજન બીલ તેમજ વિદેશમાં અભ્યાસ કરવા લોન વિગેરે યોજનાઓ દ્વારા નક્કર કામગીરી કરવામાં આવે છે. જેના પરીણામે આજે અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦ અને ૧૨માં બોર્ડનાં પરીણામો કરતાં પણ ઊંચા પરીણામો મેળવવામાં સફળ થયા છીએ.

**માન.અધ્યક્ષશ્રી,**

➤ **વર્ષ ૨૦૧૧**માં ભારત દેશનો સાક્ષરતા દર **૭૩%** છે. અને ગુજરાતનો સાક્ષરતાના દર **૭૮%** છે. જેની સામે ગુજરાતમાં અનુસૂચિત જાતિનો સાક્ષરતા દર **૭૯.૧૮%** છે. જે ગુજરાત રાજ્ય અને ભારત દેશના સાક્ષરતા દર કરતાં પણ ઉંચો છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- અનુસૂચિત જાતિના ઘર વિહોણા લોકોને પોતાનું ઘર મળી રહે તે માટે ડૉ.આંબેડકર આવાસ યોજના, સફાઇ કામદાર આવાસ યોજના અંતર્ગત અનેક લાભાર્થીઓને આવાસનો લાભ આપવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

- અનુસૂચિત જનજાતિની કલ્યાણ યોજનાઓ થકી સામાજિક ઉત્કર્ષ અને સમરસતા કેળવાય તે માટે સમુહ લગ્ન, કુંવરબાઇનું મામેરૂ, આંતરજ્ઞાતિય લગ્ન વિગેરે યોજનાઓ અંતર્ગત પણ ઘણાં બધા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અમારી ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ, પારદર્શક, પ્રગતિશીલ અને નિર્ણાયક રાજ્ય સરકારે આ સમુદાયોનો વિકાસ થાય તેવું આયોજન કર્યું છે.

**માન.અધ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં મંત્રીશ્રી જે માંગણી લઇને આવ્યા છે. જેને મારૂ સમર્થન છે.

માન.અ.શ્રી ---

* વહીવટી માળખુ, પરીણામ, અમલવારી, દેખરેખ, નિયંત્રણ અંગે વાત કરુ તો...

રાજ્યમાં અનુસૂચિત જાતિના પરિવારોનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ થાય તે માટે રાજ્યના કુલ બજેટમાંથી ૭ ટકા રકમની અલગ જોગવાઇ કરવા અંગે નીતિ આયોગ (આયોજન પંચ) દ્વારા વર્ષ ૨૦૧૪માં માર્ગદર્શિકા બહાર પાડેલ છે. આ માટે અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ નિર્ધારિત લક્ષ્યાંકો, આયોજીત પ્રયાસો મારફત હાંસલ કરવા માટે કાર્યક્રમના દેખરેખ, નિયંત્રણ અને મૂલ્યાંકનની અસરકારક અને કાર્યક્ષમ પદ્ધતિ અપનાવવી અત્યંત આવશ્યક છે. અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વિવિધ કાર્યક્રમોની યોગ્ય દેખરેખ અને નિયંત્રણ માટે ત્રિસ્તરીય પદ્ધતિ શરૂ કરવામાં આવેલ છે.

રાજ્ય કક્ષા-

અનુસૂચિત જાતિ પેટા યોજનાના અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ કાર્યક્રમની ભૌતિક અને નાણાંકીય પ્રગતિની ત્રિમાસિક સમીક્ષા બેઠક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રીના અધ્યક્ષ પદે યોજાય છે. આ બેઠકમાં યોજનાની ભૌતિક અને નાણાંકીય પ્રગતિ અંગે ચર્ચા થાય છે. આ ઉપરાંત આગળના નાણાંકીય વર્ષ દરમ્યાન અનુસૂચિત જાતિ પેટા યોજનાની ભૌતિક અને નાણાંકીય પ્રગતિની સમીક્ષા કરવા માટે પછીના વર્ષે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ પદે વાર્ષિક સમીક્ષા બેઠક બોલાવવામાં આવે છે.

પ્રદેશ (ઝોન) કક્ષા –

અનુસૂચિત જાતિ પેટા યોજનાની ભૌતિક અને નાણાંકીય પ્રગતિની સમીક્ષા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીના અધ્યક્ષ પદે પ્રદેશ કક્ષાએ વાર્ષિક રીતે કરવામાં આવે છે. સંબધિત બેઠકોમાં ખાતાના વિવિધ કેન્દ્રવર્તી અધિકારીઓ ભાગ લે છે. અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામકશ્રી બેઠકોના સંકલનકાર તરીકે કાર્ય કરે છે. ચર્ચાઓમાંથી ઉભી થતી સમસ્યાઓ અને મુશ્કેલીઓનો ઉકેલ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા લાવવામાં આવે છે. અને જરૂર હોય તો સંબધિત વિભાગના સચિવશ્રીની સુચનાઓ મેળવવામાં આવે છે. ભૌતિક અને નાણાંકીય પ્રગતિની માહિતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલવામાં આવે છે.

જિલ્લા કક્ષા –

અનુસૂચિત જાતિ પેટા યોજનાનું જિલ્લા કક્ષાનું નિયંત્રણ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ પદે થાય છે. જેમાં જિલ્લા કક્ષાએ વિવિધ વિકાસ વિભાગોના કેન્દ્રવર્તી અધિકારીઓ ભાગ લે છે. જેનું સંકલન જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ વર્ગ-૧ ના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. આ બેઠકમાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ નાણાંકીય ફાળવણી સામે ખર્ચ સાથે લક્ષ્યાંકો અને સિદ્ધિઓની ખાતાવાર

સમીક્ષા કરવામાં આવે છે. અને સમસ્યાઓ/અંતરાયોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવે છે, અને સમસ્યાઓ દુર કરવા સુધારાત્મક પગલાં લેવામાં આવે છે. જિલ્લા કક્ષાએ સમસ્યા હલ કરવાનું મુશ્કેલ જણાય તો પછી સંબધિત ખાતાના વડાના ધ્યાન પર હકીકતો લાવવામાં આવે છે. અને એમની સુચનાઓ મેળવવામાં આવે છે. તે અનુસાર યોજનાનો અમલ કરવામાં આવે છે. અમલની ગુણવત્તા સુનિશ્ચિત કરવા સંબધિત ખાતાના જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા સિદ્ધિઓની ભૌતિક ખરાઇ કરવામાં આવે છે. આ હેતુ માટે જિલ્લા નાયબ નિયામક ખાતાકીય અધિકારીઓની પૂરતી માસિક મુલાકાતોની તારીખ અને સંખ્યાની રૂપરેખા રજુ કરે છે. જિલ્લા કક્ષાએ તમામ ખાતાઓમાંથી માહિતી જિલ્લા નાયબ નિયામક દ્વારા નિયત પ્રફોર્મામાં એકત્ર કરવામાં આવે છે. કાર્યક્રમોની ભૌતિક અને નાણાંકીય પ્રગતિ સાથે માસિક ભૌતિક ખરાઇ અંગેની માહિતી સમાજ ન્યાય અને અધિકારીતા વિભાગને અને સંબધિત ખાતાના વડાને જિલ્લા કલેકટર મારફત જિલ્લા નાયબ નિયામક દ્વારા દર માસે નિયમિત મોકલવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**છેલ્લા ત્રણ વર્ષની બજેટ જોગવાઈની વાત કરુ તો....**

| વર્ષ | રાજ્યની કુલ બજેટ જોગવાઈ (રકમ રૂ.કરોડમાં) | SCSP જોગવાઈ (રકમ રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨,૨૭,૦૨૯.૦૦ | ૫૨૯૬.૨૯ |
| ૨૦૨૨-૨૩ | ૨,૪૩,૯૬૫.૦૦ | ૫૫૧૪.૮૫ |
| ૨૦૨૩-૨૪ | ૩,૦૧,૦૨૨.૦૦ | ૬૭૩૭.૦૪ |

આમ, છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની કુલ બજેટ જોગવાઈ રૂ. ૭,૭૨,૦૧૬.૦૦ કરોડ પૈકી SCSP યોજના હેઠળ રૂ.૧૭,૫૪૮.૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ જોગવાઇઓમાં સરદાર સરોવર પ્રોજેક્ટ સિંચાઈ યોજનાઓ, પાણી પુરવઠાની યોજનાઓ, માર્ગ અને મકાન જેવા ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતા વિભાગની યોજનાઓ કે જે